# મનપાની પ્રથમ સામાન્ય સભામાં હોબાળો

**પ્રથમ બેઠકમાં જ વિપક્ષે અલગ બેસવાની માંગ સાથે હોબાળો કર્યો : કોંગ્રેસ-આપના કાઉન્સીલરો અને તેના સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા**





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપાની આજે મેયરના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભા વખતે વિપક્ષે અલગ બેઠક વ્યવસ્થાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરતાં ભારે હો-હા કરી મુકી હતી.

મનપાની સામાન્ય સભા શરૂ થવાની મિનિટો પહેલાં જ સ્વચ્છતા અને બેસવાની માંગ સાથે કોંગ્રેસ-આપના કાઉન્સીલરો અને તેના સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. સામાન્ય સભાની કામગીરી ખોરવાય નહિ તે માટે સભાખંડના દરવાજા અંદરથી બંધ કરવામાં આવ્યા હતા.

વિપક્ષના કાઉન્સીલરો અને સમર્થકોએ જોર-જોરથી સૂત્રોચ્ચાર સાથે બંધ દરવાજા ખોલવાનો પ્રયાસ કર્યો હતો. આ વેળાએ નાયબ મ્યુનિ. કમિશનરની દરમ્યાનગીરીથી દરવાજા ખોલાતા કોંગ્રેસ અને આપના ત્રણ સભ્યો અંદર ધસી આવ્યા હતા.

અંદર આવેલા કાઉન્સીલરોએ વેલમાં ઉભા રહીને જ મેયર સામે વિરોધ શરૂ કર્યો હતો તેમજ અલગ બેઠક વ્યવસ્થા નહિ આપી લોકશાહીનું અવમાન કરવાના આક્ષેપોનો મારો ચલાવ્યો હતો તેમજ શહેરની સ્વચ્છતા અંગે પણ આક્ષેપબાજી શરૂ કરી હતી.

**એક તબક્કે તો દેખાવો અને સૂત્રોચ્ચાર કરી રહેલા વિપક્ષી સભ્યોએ ભ્રષ્ટાચારને છાવરી રહેલા સત્તાધીશો સામે રૂપીયાની નોટો ઉછાળી અને વાતાવરણને ઉગ્ર બનાવી દીધુ હતુ**

મેયર-ડે. મેયરની અપીલને વિપક્ષે ધ્યાને ધરી ન હતી. આથી ડે. મેયરે સાર્જન્ટને બોલાવી આ સભ્યોને હાંકી કાઢવા જણાવ્યુ હતુ.

કોંગ્રેસના અંકિત બારોટે બેસવાની અલગ જગ્યા ન આપો તો અમે નીચે બેસીને પણ લોકોની વાત તો રજુ કરીશુ જ તેમ જણાવી વેલમાં જ બેસી ગયા હતા. આ દરમ્યાન બે સભ્યોને તો ઉંચકીને સાર્જન્ટો લઈ ગયા હતા. અંકિત બારોટ પ્લેકાર્ડ સાથે પત્રકાર દીર્ઘા બાજુ આવી ગયા હતા પરંતુ સાર્જન્ટોએ બારોટને પણ પકડીને લઈ ગયા હતા.

વિપક્ષે પ્રથમ બેઠકમાં જ મચાવેલા હોબાળાને લઈ સામાન્ય સભામાં પણ સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. બહાર ગયેલા કાઉન્સીલરો ફરી અંદર ના આવી જાય તે માટે પુનઃ દરવાજા બંધ કરી સામાન્ય સભાનું કામ શરૂ કરવામાં આવ્યુ હતુ.

**સામાન્ય સભાની કામગીરી ખોરવાય નહિ તે માટે સભાખંડના દરવાજા અંદરથી બંધ કરવામાં આવ્યા હતા**

જો કે આ પછી સામાન્ય સભા પાંચ મિનિટમાં જ પૂર્ણ થયેલી જાહેર કરાઈ હતી. જોકે વિપક્ષે મેયરની ચેમ્બર બહાર પણ સૂત્રોચ્ચાર કર્યો હતો વિરોધી દેખાવો ચાલુ રાખ્યા હતા.

એક તબક્કે તો દેખાવો અને સૂત્રોચ્ચાર કરી રહેલા વિપક્ષી સભ્યોએ ભ્રષ્ટાચારને છાવરી રહેલા સત્તાધીશો સામે રૂપીયાની નોટો ઉછાળી અને વાતાવરણને ઉગ્ર બનાવી દીધુ હતુ. મેયર પણ સભા પછી તેમની ચેમ્બરને અંદરથી બંધ કરી કાઉન્સીલરો સાથે બેઠા હતા.

થોડીવાર પછી મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન નીકળી નીચે જતા હતા ત્યારે વિપક્ષના કાઉન્સીલરો પણ પહેલા માળે તેમની પાછળ પાછળ સૂત્રોચ્ચાર કરતા ગયા હતા.

પોલીસને પણ એક તબક્કે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટે હળવો બળ પ્રયોગ કરી તેમને દૂર રાખ્યા હતા.

આજની પ્રથમ બેઠકમાં જ વિપક્ષના ત્રણ સભ્યોએ જે આક્રમકતાથી વિરોધ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કર્યા હતા તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ગયો હતો.



## ગંદકી અને અન્ડરપાસની નિષ્ફળતા છતી ના થાય માટે ભાજપે આ રીત અપનાવી : અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૨૦

શહેરની ગંદકી અને અન્ડરપાસની નિષ્ફળતા છતી ના થાય તે માટે ભાજપે આજે બહુમતિના જોરે પ્રજાનો અવાજ દબાવ્યો હોવાનો આક્ષેપ કોંગ્રેસના અંકિત બારોટે કર્યો છે.

તેમણે દેખાવો પછી કમિશનર સાથે બેઠક કરી અને સ્વચ્છતા માટે તંત્ર આકરા પગલાં લે તેમજ ગંદકીને પગલે શહેરમાં રોગચાળાની સ્થિતિ ઉભી ના થાય તે જોવા માંગ કરી હતી.

સફાઈ કામદારોની વ્યાજબી વાત પણ અમે રજુ કરી હોવાનું અંકિત બારોટે જણાવી સ્વચ્છતા માટે જરૂર પડ્યે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવી માંગ કરી છે.

## પક્ષની બેઠકમાં કાઉન્સીલરોને મૌન રહેવાની કડક સૂચના

ગાંધીનગર, તા. ૨૦

મનપાના સભાખંડમાં ભાજપના કાઉન્સીલરોની યોજાયેલી બેઠકનો મુદ્દો આજે મનપાની ગલિયારીઓમાં સૌથી વધુ ચર્ચાનો મુદ્દો હતો.

સભાખંડમાં પક્ષની બેઠક અત્યાર સુધી ક્યારેય યોજાઈ નથી. આ નિયમોની ઉપરવટ જઈને કરવામાં આવ્યું હોવાની વાતો સાંભળવા મળી હતી. સભાખંડમાં મળેલી બેઠકમાં પણ મેયરે પક્ષની શિસ્તના સંકેત આપી સભ્યોને બેઠકમાં કોઈ પણ ચર્ચા નહિ કરાય, પ્રશ્નો રજુ કરી શકાશે નહિ તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

જો કે બેઠકમાં પક્ષના ઘણા બધા કાઉન્સીલરોએ તેમને મળેલી રજુઆતો અને ફરિયાદો તેમજ તંત્ર દ્વારા સ્વચ્છતાના મુદ્દે દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા અંગે રોષ વ્યક્ત કરી અને અમને બોલવાની મંજૂરી આપો તેવી લાગણી વ્યક્ત કરી હતી.

જોકે મેયર આ મુદ્દે સ્હેજ પણ ટસ ના મસ થયા ન હતા. પક્ષના સભ્યોનો રોષ તેમણે પારખી જરૂર લીધો હતો. એવું જાણવા મળેલ છે કે ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠન પાંખ વચ્ચેના મતભેદો પણ આ બેઠકોમાં દેખાયા હતા.

## શિસ્તનો દંડો પછાડી સભ્યોનો રોષ થાળે પાડવામાં મેયરે સફળતા મેળવી

**સભ્યોમાં જે સન્નાટો હતો તે આગામી દિવસોમાં મેયરની આકરી પરીક્ષાના સંકેત આપે છે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપાની સામાન્ય સભા શરૂ થતાં જ મેયરે એવી જાહેરાત કરી હતી કે આજની બેઠકમાં માત્ર ને માત્ર એજન્ડા પર દર્શાવવામાં આવેલા મુદ્દાઓ પર જ કાર્યવાહી કરવામાં આવશે.

એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરતાં પહેલાં હેલિકોપ્ટર ક્રેશ થતાં સીડીએસ રાવત અને અન્ય સાથી મુસાફરોના નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ.

આ પછી ક્લીનેસ્ટ કેપીટલ તરીકેના મળેલા એવોર્ડ બદલ મનપાની ટીમને અભિનંદન આપવાની જાહેરાત કરાઈ હતી.

મેયરે ત્યારબાદ એક પછી એક એજન્ડાના મુદ્દા રજુ કરી તેને બહાલી આપવામાં આવે છે તેમ જાહેર કર્યુ હતુ.

એજન્ડાના મુદ્દાઓ પૂર્ણ થતાં જ બેઠક પૂર્ણ થયાની જાહેરાત કરાઈ હતી.

મેયરને આજે પહેલી જ વાર પક્ષમાં ઉભા થયેલા અસંતોષનો અહેસાસ થયો હતો અને તેઓએ હાલ તો પક્ષની શિસ્તનો દંડો પછાડી આ રોષ સફ્ફાઈથી દબાવવામાં સફળતા જરૂર મેળવી છે પણ આગામી દિવસોમાં આ રોષ મેયરની આકરી કસોટી લેશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યુ છે.

# ચાર તાલુકા મથકે આજે નવ વાગ્યાથી મતગણતરી

**પ્રથમ પરિણામ ૧૨ વાગ્યાની આસપાસ મળવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની ૧૫૬ ગ્રામ પંચાયતોના નવા સુકાનીઓ અંગેનો ફેંસલો આજે થઈ જશે. ગઈકાલે થયેલા જંગી મતદાન બાદ મંગળવારે સવારે નવ વાગ્યાથી મતગણતરીની કામગીરીનો આરંભ થશે અને મોડી રાત સુધીમાં તમામ ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

જિલ્લાના ચારેય તાલુકામાં તાલુકામથકો પર આ મતગણતરી કાર્ય હાથ ધરવામાં આવશે. મતગણતરીનો પ્રારંભ સવારે નવ વાગ્યાથી શરૂ થશે અને ૧૨ વાગ્યાની આસપાસ પ્રથમ પરિણામ મળશે તેમ મનાઈ રહ્યુ છે.

ગ્રામ પંચાયતોની આ સામાન્ય ચૂંટણીમાં ભારે મતદાન થવા પામ્યુ છે. બેલેટ પેપરથી મતદાન કરાયુ હોવાથી બેલેટ બોક્સ ખાલી કરી અને ૨૫-૨૫ મતોની થોકડી બનાવી મતગણતરી હાથ ધરવામાં આવશે.

મતગણતરી માટે કર્મચારીઓને પૂરતી તાલિમ આપી દેવામાં આવી છે. આ મતગણતરી માટે દહેગામ આર્ટસ કોલેજમાં ૧૪ રૂમ, ગાંધીનગરમાં ૧૪ રૂમ તેમજ માણસામાં ૭ અને

● અનુસંધાન પાન-૭ પર

### કયા તાલુકામાં કેટલુ મતદાન

| તાલુકો | ટકાવારી | કેટલા મતદારોએ મતદાન કર્યુ |
|---|---|---|
| દહેગામ | ૮૨.૯૫ | ૧,૩૩,૯૧૬ |
| ગાંધીનગર | ૮૧.૦૭ | ૧,૪૧,૮૮૪ |
| કલોલ | ૭૬.૬૧ | ૩૩,૧૧૪ |
| માણસા | ૭૮.૦૧ | ૨૨,૦૭૦ |
| જિલ્લામાં | ૮૧.૧૮ | ૩,૩૦,૯૮૪ |

# ગાંધીનગરને ઠંડીએ બાનમાં લીધુ- સતત બીજા દિવસે પણ પારો ૮ ડીગ્રી

**આકરી ઠંડીનુ મોજુ યથાવત રહેતા શહેરીજનો ઘરમાં પુરાયા : સેકટરોમાં ઠંડીની અસરથી સન્નાટો : પવનનુ જોર વધુ હોવાના લીધે ઠંડીની અસર બેવડાઇ : આકરી ઠંડીથી જનજીવન પ્રભાવિત**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં આજે પણ ઠંડીનુ જોર યથાવત રહ્યુ હતુ ગઈકાલની જેમ આજે પણ લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીએ રહ્યુ હતુ. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી કાતિલ ઠંડીના લીધે નગરજનો આકરી ઠંડીમાં ઠંઠવાઈ રહ્યા છે. શહેર કોલ્ડવેવના સંકંજામાં આવી જતા નગરના જનજીવન પર મોસમની વિપરિત અસર જોવા મળી રહી છે. સાંજ ઢળતા જ ઠંડીના લીધે સેકટરોની શેરીઓ અને મુખ્યમાર્ગો સહીત શોપિંગ બજારમાં સન્નાટો છવાઈ જાય છે. ઠંડીની મોસમ જામતા બજારમાં ગરમ કપડાની ખરીદી વિશેષ થઈ રહી છે. જયારે ઠંડીના લીધે સિનિયર સિટીઝન્સની હાલત દયાજનક બની છે. ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં રોજબરોજ નોંધપાત્ર બદલાવ જોવા મળી રહ્યો છે. જયારે બે દિવસ અગાઉ ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે સતત બીજા દિવસે ગઈકાલે પણ ઠંડીનુ જોર વધ્યુ હતુ જેના લીધે લઘુત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી રહેતા મોસમની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી જયારે આજે પણ ઠંડીનુ મોજુ યથાવત રહ્યુ છે. લઘુત્તમ તાપમાન આજે પણ ૮ ડીગ્રીએ સ્થિર રહ્યુ હતુ જેના લીધે સવારે પણ આકરી ઠંડીથી જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. રાત્રિના સમયે પણ બર્ફિલા પવનના લીધે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહ્યા હતા. જયારે સવારે પણ ઠંડીનુ જોર વધુ હોવાથી નગરજનો બહાર મોર્નિંગ વોક કરવા માટે પણ જવાનુ ટાળ્યુ હતુ. આકરી ઠંડીના લીધે નગરજનોને દિવસના તાપ મીઠો લાગે છે. જેના લીધે બપોરના સમયે સેકટરના કોમન પ્લોટમાં રહીશો તડકે બેસવાનુ પસંદ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડી આક્રમક બનતા શિયાળાની મોસમ અસહ્ય બની છે. સેકટરોમાં વહેલી સવારે અને રાત્રિના સમયે નાગરિકો ઘરમાં પુરાઈ જાય છે. ઠંડીની સાથે પવનનુ જોર પણ વધુ હોવાથી કાતિલ ઠંડી વધુ આકરી પુરવાર થઈ રહી છે. ઠંડીની મોસમના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. દમ શ્વાસ અને સાંધાના દુખાવાના દર્દીઓની ફરિયાદ પણ વધી છે. છેલ્લા એક સપ્તાહમાં ઠંડીનો પારો ૧૫ ડીગ્રીથી નીચે ઉતરી અડધે આવી ગયો છે. જયારે છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં રહેતા દિનપ્રતિદિન ઠંડીની મોસમ વધુ આકરી બની રહી છે. આજે પણ લઘુત્તમ તાપમાન ગઈકાલની જેમ ૮ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ઠંડીનો દોર જળવાઈ રહ્યો હતો.

# ગાંધીનગરને ફાટક મુક્ત બનાવવા ચાર બ્રિજ બનાવવામાં આવશે

**ફાટક મુક્ત ગુજરાત અન્વયે ઘુંઘટ હોટલ પાસે, ઉવારસદ કર્ણાવતી માર્ગ , ઓળા ચોકડીથી પુન્દ્રાસણ અને પાનસર પાસેના રેલવે ફાટકને અનુલક્ષી બ્રિજ બાંધવામાં આવશે : ચાર બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૦

ગુજરાતમાં ફાટક પાસે માર્ગ સલાતમીના પરિબળો જોખમમાં મુકાતા આ સ્થિતિને નિવારવા માટે ફાટક મુકત ગુજરાતના અભિયાનને અનુલક્ષી વિવિધ રેલવે ફાટકને અનુલક્ષી બ્રિજ બાંધવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જિલ્લામાં પણ વિવિધ ચાર ઠેકાણે બ્રિજ બાંધવાનુ આયોજન કરાયુ છે. જયારે આ ચારેય જગ્યાએ બ્રિજ બાંધવાના ખર્ચને પણ મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં હોટલ ઘુંઘટ પાસેના ફાટક તેમજ ઉવારસદ કર્ણાવતી , ઓળા ચોકડી પુન્દ્રાસણ, તેમજ પાનસર તરફ જતા માર્ગ પર સ્થિત ફાટકને અનુલક્ષી બ્રિજ બાંધવામાં આવશે આ બ્રિજ બાંધવા પાછળ અંદાજિત રૂ ૨૦૦ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગોની સુધારણા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત દરવર્ષે શહેરમાં માર્ગોની સુધારણા તેમજ વાઈડનીંગનુ કામ પણ હાથ ધરવામાં આવે છે. જો કે હવે મોટાભાગના માર્ગો સિકસલેન બની ગયા છે. શહેરના ગ માર્ગનુ કામ હજુ બાકી છે. ત્યારે સેકટરોના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવા માટે કામગીરી ચાલી રહી છે. બીજીતરફ શહેરની સાથે જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની સુધારણાનુ પણ કામ હાથ ધરાયુ છે. જિલ્લાના વિવિધ માર્ગોની સુધારણા અને વાઈડનીંગના સાથે શહેર તેમજ જિલ્લાને જોડતા મુખ્યમાર્ગો પર ટ્રાફિકની અવરજવર વધુ સરળ અને સલામત બને તે માટે બ્રિજ પણ બનાવવામાં આવી રહ્યા છે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી નગરના ઘ-૦ અને સરગાસણ ચોકડી સહીત આગળના જંકશન પણ ફ્લાય ઓવર તૈયાર કરી દેવાયા છે. આ ઉપરાંત કેનાલ પરના બ્રિજનુ પણ વાઈડનીંગ કરવા માટે આયોજન કરાયુ છે. શહેરમાં અને અન્ય મુખ્યમાર્ગો પર વિવિધ પ્રકારના અન્ડર પાસ તેમજ ફ્લાય ઓવર બનાવવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લામાં વિવિધ ઠેકાણે સ્થિત રેલવે ફાટકને અનુલક્ષીને પણ બ્રિજ બાંધવા માટે હવે ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવશે જેમાં ફાટકમુકત ગુજરાતના અભિગમને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૩ કેસ

**કુડાસણના બે કોરોના પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવેલા પરિવારોના ૩ સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ : શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૯ થઈ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના એક સાથે ૩ કેસ નોંધાતા શહેરના આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો હતો. આજે એક સાથે ૩ કેસ નોંધાતાં હવે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૨૯ થઈ છે.

શહેરમાં આજે તેમાં સમાવિષ્ટ કુડાસણ ગામમાંથી જ આ ત્રણ કેસ મળ્યા છે. આ ત્રણેય દર્દી અગાઉ બે દિવસ નોંધાયેલા બન્ને દર્દીઓના સંપર્કમાં આવ્યા હોવાથી કોરોનામાં સપડાયા છે.

મળતી વિગતો મુજબ કુડાસણમાં રહેતી અને તલોદ નજીકના ગામમાં ફરજ બજાવતી શિક્ષિકાના પતિ જેઓ બેંકમાં નોકરી કરે છે તેમનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગઈકાલે ૬૧ વર્ષીય નિવૃત્ત કર્યોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા પછી આજે તેમના પત્ની અને પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ પણ વેક્સિનના બન્ને ડોઝ લીધા છે અને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પુત્ર દર્દી ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. આજે એક સાથે ત્રણ કેસ નોંધાવાની ઘટના પખવાડિયામાં બીજીવાર નોંધાઈ છે. અગાઉ એક સાથે બે કેસ નોંધાયા હતા. તંત્રએ આ બાબતને ગંભીરતાથી લીધી છે.

શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અસરકારક અમલવારી થાય તે જોવા માટે તાકીદ કરવામાં આવી છે.

સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવાની અને ફરજીયાત માસ્ક પહેરવાની સૂચના પણ તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવી છે. શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર હવે આગામી દિવસોમાં આક્રમક અમલવારી કરાવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ દર્દીઓ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા વધીને ૧૩ થઈ છે. આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# ગાંધીનગર સમાચારના પત્રકાર નિકેશ બ્રહ્મભટ્ટના મોટાભાઈ રાકેશ બ્રહ્મભટ્ટનું દુઃખદ અવસાન

ગાંધીનગર તા.૨૦

ગાંધીનગર સમાચારના પત્રકાર નિકેશ બ્રહ્મભટ્ટના મોટાભાઈ રાકેશ પ્રતાપભાઈ



બ્રહ્મભટ્ટનું આજે બપોરે માત્ર ૪૨ વર્ષની યુવા વયે અચાનક આવેલા હૃદયરોગના હુમલાને કારણે દુઃખદ અવસાન થવા પામ્યું છે. સદગતની અંતિમયાત્રા સાંજે ૫.૩૦ કલાકે સે.૩ ખાતેના તેમના નિવાસસ્થાનેથી નિકળી સે.૩૦માં મુક્તિધામ સ્મશાન ખાતે પહોંચી હતી જ્યાં તેમની અંતિમક્રિયા કરવામાં આવી હતી.

સ્વ. રાકેશ બ્રહ્મભટ્ટ શહેરની એક પ્રતિષ્ઠિત ખાનગી આઈટી કંપનીમાં ડ્રાઈવર તરીકે સેવા આપી રહ્યાં હતાં પરંતુ કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી તેઓની નોકરી બંધ હતી. આજે બપોરે આશરે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ કલાકે તેમને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યાં હતાં જ્યાં પંહોચતા અચાનક તેમની તબિયત વધુ લથડી હતી અને આશરે ૧૨.૫૦ કલાકે તેમનું અવસાન થવા પામ્યું હતું. સ્વ. રાકેશ બ્રહ્મભટ્ટ તેમના હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com